ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-૨ની નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ)ની જગ્યાઓ માટે સીધી ભરતીથી પસંદ થયેલ ઉમેદવારોને નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ) તરીકે અજમાયશી ધોરણે નિમણૂક આપવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
અધિસૂચના ક્રમાંક: જીએબી/૧૦૨૦૧૬/૦૨/ઇ૨
સચિવાલય, ગાંધીનગર
તા:૨૬/૦૨/૨૦૧૯

વંચાણે લીધા: (૧) આ વિભાગના ઠરાવ ક્રમાંક: જીએબી/૧૦૨૦૧૬/૦૨/ઇ-૨, તા.૧૯/૦૨/૨૦૧૯.
(૨) આ વિભાગના પરિપત્ર ક્રમાંક: જીએબી/૧૦૨૦૧૬/૦૨/ઇ-૨, તા.૨૫/૦૨/૨૦૧૯.

અધિસૂચના:

આ વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-૨માં નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ) વર્ગ-૨ની જગ્યાઓ ઉપર સીધી પંસદગીથી ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્રમાંક:૩૯/૨૦૧૭-૧૮ અન્વયે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ આધારે ગુજરાત જાહેર સેવા આયોગના તા.૨૪/૧૨/૨૦૧૮ ના ખાનગી પત્ર ક્રમાંક:આરસીટી-૨૦૧૬-૧૯૧-આર.૧ થી ૧૩૫(એકસો પાંત્રીસ) ઉમેદવારોની નિમણૂક માટે ભલામણ કરવામાં આવેલ છે. આયોગની ભલામણ અન્વયે આ સાથે સામેલ પરિશિષ્ટ-૧માં દર્શાવેલ કુલ ૧૩૪ ઉમેદવારોને ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-૨માં નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ)ની જગ્યાએ મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગર ખાતે તાલીમના સમયગાળા અથવા અજમાયશી સમયગાળા બંનેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા પૂરતી જ નિમણૂક આપવામાં આવે છે. આ હુકમના આધારે તેઓએ તા:૦૧.૦૩.૧૯ થી તા:૧૫.૦૩.૧૯ સુધીમાં નિમણૂકવાળી જગ્યાએ સ્વખર્ચે ફરજ પર હાજર થવાનું રહેશે. તેઓ જે તારીખથી ફરજ પર હાજર થાય તે તારીખથી ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-૨માં નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ) તરીકે ૨(બે) વર્ષના અજમાયશી સમય માટે આર.ઓ.પી-૨૦૧૬ મુજબ લેવલ-૯ માં લઘુત્તમ પગાર રૂ.૫૩,૧૦૦/- અને મહત્તમ પગાર રૂ.૧,૬૭,૮૦૦/-ના પગાર ધોરણમાં પ્રવર્તમાન નિયમો પ્રમાણે મળવાપાત્ર ભથ્થાઓ સહિત તદ્દન હંગામી ધોરણે આ સાથેના પરીશિષ્ટ-૧ માં દર્શાવેલ ૧૩૪ ઉમેદવારોને આ વિભાગના તા.૧૯.૦૨.૧૯ ના ઠરાવથી ઉભી કરવામાં આવેલ સંખ્યાધિક (supernumerary) જગ્યાઓ પર નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ) વર્ગ-૨ તરીકે નીચે જણાવેલ શરતોને આધીન નિમણૂક આપવામાં આવે છે.

શરતો:

૧. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૧/૧૯૬૯ તથા તા.૧૨/૦૧/૧૯૭૦ના પરિપત્ર ક્રમાંક:પીએસસી/ ૧૦૬૮/૬૫૬૪/જી તેમજ તા.૧૯/૦૯/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: વીસીએ/૧૦૨૦૧૬/૪૨૯૫૪૭/ગ-૨ ની જોગવાઇ અનુસાર ઉમેદવારોએ સંબધિત સત્તાધિકારી પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂંક અને પૂર્વ વૃત્તાંત પ્રમાણપત્ર તથા ગુજરાત મુલ્કી સેવા(નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ના ચેપ્ટર-૩ ના નિયમ-૧૧ મુજબ તબીબી પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. આ પ્રમાણપત્રોમાં તેઓની નિમણૂક માટેની યોગ્યતા અંગે કશું વિરુદ્ધ નહીં હોવાની શરતે, ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વ વૃત્તાંત પ્રમાણપત્ર વધુમાં વધુ ૬(છ) માસમાં તથા શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર ૨(બે) માસમાં રજૂ કરવાની શરતે તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે આ નિમણૂક આપવામાં આવે છે. આ અંગેની લેખિત બાંહેધરી તેઓએ હાજર થતા પહેલા આ વિભાગને આ સાથે બિડેલ પરિશિષ્ટ-૨(બાંહેધરી પત્રક)માં આપવાની રહેશે. તબીબી તપાસમાં ઉપસ્થિત થવા આ વિભાગ તરફથી સંબધિત ઉમેદવારોને અલાયદી જાણ કરવામાં આવશે. ચારિત્ર્ય, વર્તણૂંક અને પૂર્વ વૃત્તાંત કે શારીરિક યોગ્યતા અંગેના પ્રમાણપત્રોમાં જો તેઓ અયોગ્ય પૂરવાર થશે તો આ અધિસૂચના થી આપેલ નિમણૂકનો અંત લાવવામાં આવશે.